# ડીંડોલી વિસ્તારમાંથી નશાયુકત પદાર્થ (મેફેડ્રોન નામનુ પ્રતિબંધિત ડ્રગ્સ) સાથે બે ઈસમોને ડ્રગ્સ વજન ૬૦.૫ ગ્રામ કિં.રૂ.૩,૦૨,૫૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી સુરત શહેર. એસ.ઓ.જી. ટીમ

સુરત શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડેના ચડે તથા નશાયુકત પદાર્થનુ વેચાણ અટકાવવા તથા આવી ગેરકાયદેસરની પ્રવૃતિ વિરૂધ્ધના કેશો શોધી કાઢવા સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય તે દરમ્યાન એસ.ઓ.જી.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ASI દિપસિંહ કાનજીભાઈ નાઓને મળેલ બાતમી આધારે ડીંડોલી રામીપાર્કની સામે રીઝન્ટ પ્લાઝા બીજો માળ દુકાન નં.૨૪૯ “એ.જે. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ” નામની દુકાનમાં રેઈડ કરી આરોપી (૧) દેબઆશીષ ઉર્ફે સન્ની S/O અજીત ચૌધરી ઉ.વ.૪૦ રહે.રૂમ નં.૬૦૩ બિલ્ડીંગ નં.જી સુમન શ્વેત એસ.એમ.સી. આવાસ વી.આર. મોલની પાછળ ડુમસ રોડ ઉમરા, સુરત મુળ વતન ગામ શકિતનગર બ્રહ્મપુર શહેર પોસ્ટ શકિતનગર જી.ગંજામ (ઓડીશા) (૨) અનિલ કાલુરામ પ્રજાપતિ ઉ.વ.૩૨ રહે. ઘર નં.બી/૨૨૨, મીરાનગર સોસા. ઝાંસીની રાણી ગાર્ડન સામે ઉધનાગામ, સુરત મુળ વતન ગામ ગલવા તા.રાયપુર જી.ભીલવાડા (રાજસ્થાન) નાઓને પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ વજન ૬૦.૫ ગ્રામ કિં.રૂ.૩,૦૨,૫૦૦/-, મોબાઈલ ફોન નંગ-૦૩ કિં.રૂ. ૨૦,૫૦૦/- મળી કુલ કિં.રૂ.૩,૨૩,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ડ્રગ્સનો જથ્થો આપનાર ઈમ્તીયાઝ ઉર્ફે લાલા S/O ફિરોજ મલેક રહે. જુની બુરહાની હોસ્પિટલની પાછળ તૈયબી મહોલ્લો ઝાંપાબજાર મહિધરપુરા, સુરત નાને વોન્ટેડ જાહેર કરી તમામ આરોપીઓ વિરૂધ્ધમાં NDPS એકટ મુજબ ગુનો ડીંડોલી પો.સ્ટે. માં રજીસ્ટર કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

ગુનાહિત ઈતિહાસ :-

વોન્ટેડ આરોપી : ઈમ્તીયાઝ ઉર્ફે લાલા S/O ફિરોજ મલેક નાનો સને-૨૦૧૯ માં ૩૯ ગ્રામ ડ્રગ્સ સાથે પકડાયેલ છે તેમજ હાલમાં એસ.ઓ.જી. તેણે પુણા પો.સ્ટે. ની હદમાંથી ૧૦૦ ગ્રામ ડ્રગ્સના જથ્થા સાથે પકડેલ તે કેસમાં પુણા પો.સ્ટે. ખાતે પોલીસ કસ્ટડી રીમાન્ડ હેઠળ છે.